Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-15, Issue-1, June-2021
www.researchguru.net

# ‘ટ્રેન ટુ પાકિસ્તાન’ - ભાગલાના ઇતિહાસને ઉજાગર કરતી કથા

**ડૉ. નિયતિ અંતાણી**

આસીસ્ટન્ટ  પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ), અમદાવાદ.

niyatiantani79@gmail.com

***સારાંશ :*** *‘ટ્રેન ટુ પાકિસ્તાન’ ઐતિહાસિક નવલકથા, માનવતાના ગાલ પર પડેલી થપ્પડના સોળની સંવેદનકથા છે. ઈતિહાસનાં જે પાનાંઓ આ ઐતિહાસિક વિકરાળ ઘટનાના રંગે ખરડાયેલા છે, એ પાનાંઓ પણ એની ચચરાટી હજુય અનુભવી રહ્યા છે. છપ્પનિયો  દુકાળ તો કુદરતી આફત હતી એમ કહીને મન મનાવીએ, ચપટી આશ્વાસન પામીએ, પરંતુ ભારતની આઝાદી વખતે ભારત – પાકિસ્તાનના વિભાજનની વિકૃત અને વિકરાળ હોનારત તો માનવસર્જિત હતી. એની વ્યથાને આશ્વાસન ક્યાંથી સાંપડે ? ભારત-પાકિસ્તાનના વિભાજનની ઘટનાની સાક્ષી બનેલી દરેક વ્યક્તિ પાસે પોતપોતાની આગવી અરેરાટી હતી, દરેકની અલગ ચીસ હતી. માનવતા લજ્જિત થાય એવા અનેક દ્રશ્યોએ જગતમાં ખળભળાટ મચાવ્યો હતો. કોઈને ભારતમાંથી પાકિસ્તાન પહોંચવું હતું તો કોઈને પાકિસ્તાનમાંથી ભારત. એ બધાના સાક્ષી બનેલા, એ બધાનો શિકાર બનેલાં કેટલાંક પાત્રોની સત્યઘટનાઓને અહીં કથાસ્વરૂપે આલેખીને ખુશવંતસિંહે એ ઇતિહાસને આપણી સમક્ષ પુનઃ પ્રતિબિંબિત કર્યો છે.*

***ચાવીરૂપ શબ્દો :*** *ભાગલા, વિભાજન, મનોમાજરા, ગામ, સ્ટેશન, લાશ, હિજરત*

વિશ્વના સાહિત્યમાં નવલકથાઓ ઘણી લખાય છે. પરંતુ સમયની રેત પર શાશ્વત પગલાંની છાપ અંકિત કરનારી કથાઓ બહુ થોડી હોય છે.  ‘ટ્રેન ટુ પાકિસ્તાન’ ઐતિહાસિક નવલકથા, માનવતાના ગાલ પર પડેલી થપ્પડના સોળની સંવેદનકથા છે. ઈતિહાસનાં જે પાનાંઓ આ ઐતિહાસિક વિકરાળ ઘટનાના રંગે ખરડાયેલા છે, એ પાનાંઓ પણ એની ચચરાટી હજુય અનુભવી રહ્યા છે. છપ્પનિયો દુકાળ તો કુદરતી આફત હતી એમ કહીને મન મનાવીએ, ચપટી આશ્વાસન પામીએ, પરંતુ ભારતની આઝાદી વખતે ભારત – પાકિસ્તાનના વિભાજનની વિકૃત અને વિકરાળ હોનારત તો માનવસર્જિત હતી. એની વ્યથાને આશ્વાસન ક્યાંથી સાંપડે ?

ભારત-પાકિસ્તાનના વિભાજનની ઘટનાની સાક્ષી બનેલી દરેક વ્યક્તિ પાસે પોતપોતાની આગવી અરેરાટી હતી, દરેકની અલગ ચીસ હતી. માનવતા લજ્જિત થાય એવા અનેક દ્રશ્યોએ જગતમાં ખળભળાટ મચાવ્યો હતો. કોઈને ભારતમાંથી પાકિસ્તાન પહોંચવું હતું તો કોઈને પાકિસ્તાનમાંથી ભારત. એ બધાના સાક્ષી બનેલા, એ બધાનો શિકાર બનેલાં કેટલાંક પાત્રોની સત્યઘટનાઓને અહીં કથાસ્વરૂપે આલેખીને ખુશવંતસિંહે એ ઇતિહાસને આપણી સમક્ષ પુનઃ પ્રતિબિંબિત કર્યો છે.

‘ટ્રેન ટુ પાકિસ્તાન’માં ખુશવંતસિંહ વાસ્તવિકતાનું કલ્પના સાથે અવિસ્મરણીય મિલન કરાવતાં પોતાનાં પાત્રોની વાર્તા થકી વિભાજનના જખમ અને કરુણાંતિકાને ફરી તાજાં કરે છે.  આ વાર્તા એટલે એક એવી ઘટના કે જે તેમણે, તેમના કુટુંબીજનોએ અને મિત્રોએ પોતાની આંખો સામે ઘટતી જોઈ છે. ૧૯૫૬માં પ્રથમ આવૃત્તિ વખતે ‘બેસ્ટ સેલર’ બનેલી ‘ટ્રેન ટુ પાકિસ્તાન’ હવે મોડર્ન ઇન્ડિયન ફિક્શનની ક્લાસિક કૃતિ તરીકે સ્વીકારાઈ છે.

૧૯૪૭ના ઉનાળામાં વિભાજનની પહેલાંની હિજરતો હિંસક હુલ્લડમાં ફેરવાઈ ગઈ અને

ભારત તથા તેના નવા જ જન્મેલા પાડોશી પાકિસ્તાનની સરહદો પર લોહીની નદીઓ વહેવા લાગી. પણ નાનાં એવા મનોમાજરા ગામમાં શીખ અને મુસ્લિમો હજુ સુધી શાંતિથી જીવતા હતા. નદીના પુલ પરથી પસાર થતી ટ્રેનની વ્હીસલે તેમનાં જીવન ધબકતાં હતાં. પણ એક દિવસ શીખોની લાશ ભરેલી એક ટ્રેન ગામમાં આવીને ઊભી રહે છે અને એ સાથે જ મનોમાજરા રણભૂમિમાં ફેરવાઈ જાય છે. એના પર કોઈનોય કાબુ રહેતો નથી. સંજોગો એવા ઉભા થાય છે કે ગામનો બદમાશ જગ્ગો પોતાનો જીવ આપીને અસંખ્ય મુસ્લિમોનો જીવ બચાવે છે.

માર્ગરેટ વ્હાઈટે ૧૯૪૬ થી ૧૯૪૭ સુધી ભારતભ્રમણ કરીને ઉપખંડમાં વ્યાપેલા એ ભયને કચકડે કંડાર્યો હતો. આ ભય એવા સામ્રાજ્યની ઊપજ હતો, જેનો સૂર્ય આથમવાની તૈયારી કરી રહ્યો હતો. આ નવલકથામાં તે સમયની હૃદયદ્રાવક તસ્વીરો પણ મૂકવામાં આવી છે જે તેને અગત્યનો ઐતિહાસિક દસ્તાવેજ બનાવે છે.

૧૯૫૬માં ખુશવંતસિંહે તેમની ચિરજચી ક્લાસિક કૃતિ 'ટ્રેન ટુ પાકિસ્તાન' લખી. ભારત – પાકિસ્તાનના ભાગલાને છ વર્ષ જેટલો સમયગાળો વીતી ગયો હતો. છતાંય વિભાજનનો ડંખ અને માર્ગારેટે લીધેલી હલબલાવી અને હચમચાવી નાખનાર તસવીરો અને ખુશવંતસિંહનાં વેધક લખાણો થકી આ કરાલ કાળ પુન:જીવિત થયો. આ પુસ્તક જેમનો અકાળે અંત આવ્યો છે તેમની કાયમી યાદગીરી છે અને ભવિષ્યની પેઢી માટે ઇતિહાસના આઘાતજનક પ્રકરણનું પુનરાવર્તન થતું અટકાવનારો પાઠ છે.

જર, જમીન અને જોરુ – પુરુષને પસંદ આ ત્રણેય લુંટાઈ રહ્યાં હતાં. લગભગ એક કરોડ લોકો એક ભાંગી રહેલા સામ્રાજ્યે દોરેલી રેખાને પેલે પાર પહોંચી ગયા હતા. જેને ઘર કહેવા તેમને મજબૂર કરી દેવાયા હતા. બાપ-દાદાઓએ ભેગાં કરેલા સંપત્તિ-ખજાનામાંથી જે હાથ લાગ્યું એ ત્રણ વારના કપડામાં વીંટાળી, પોતાની સ્ત્રીને ઓઢણીથી ઢાંકી પુરુષો વિરુદ્ધ દિશાઓમાં હિજરત કરી રહ્યા હતા. ઘર ઉજડી ગયા હતા, ખેતરો પાછળ છૂટી ગયાં હતાં. અડધા કુટુંબો કપાઈ ગયાં હતાં.

" અરે ! ઓ દુ:ખોના ભાગીદાર
ઊભો થા અને તારા પંજાબને જો,
ખેતરો લાશોથી ભર્યાં પડ્યાં છે
અને ચેનાબમાં લોહી વહી રહ્યું છે. "

જ્યાં ઈંટના માત્ર ત્રણ જ મકાન હતા એવા મનોમાજરા ગામમાં કોમવાદી માનસ પહોંચ્યું ન હતું. પરંતુ સત્તાનો પડછાયો પડતાં ગામનાં મુસલમાનોને ગામ છોડવાનો વારો આવ્યો. ભારે હૈયે પોતાના વર્ષોના સુખ-દુઃખના સાથીઓને શીખો વિદાય આપી રહ્યા હતાં એ આશાએ કે આ ક્ષણિક જુવાળ છે, અમારા ભાઈઓ તો થોડા દિવસોમાં તો પાછા આવશે. મુસલમાનો પણ પાછા આવવાની આશાએ જ તો હિજરત કરવા તૈયાર થઇ રહ્યા હતા. સતલજના કિનારે વસેલા આ ગામ માટે 'ટ્રેન' એ જીવન સાથે વણાઈ ગયેલી હતી. ટ્રેનનો આવવાનો સમય તેમના દૈનિક જીવનને નક્કી કરે છે. જીવન જીવવાની જીજ્ઞાસા આ ટ્રેન જગાવે છે. એક દિવસ આ ટ્રેન આવે છે. જીજ્ઞાસા જગાવે છે અને મનોમાજરાનું જીવન બદલીને જતી રહે છે. શીખોની લાશોથી ભરેલી આ ટ્રેન અમલદારોની હાજરીમાં મનોમાજરામાં ઠલવાય છે. અને સતલજનો કિનારો સામૂહિક

સ્મશાન બની જાય છે. બસ, ગુરુબાની અને બાંગ જાણે એકસૂર થઇ જતા ગામના હૃદયમાં એક તણખો મુકાઈ જાય છે.

હિજરત કરીને પાકિસ્તાન જઈ રહેલા મુસલમાનોનું કાસળ એકસાથે કાઢી નાખવાનો તખ્તો ગોઠવાઈ જાય છે ! પણ ખલનાયક એવો ડાકુ જગ્ગો પોતાના જીવ પર આવી જઈને આ યોજનાને નિષ્ફળ બનાવે છે. આઝાદીની ચળવળ પછીની માનવતાની આઝાદીની આ ચળવળમાં એ શહીદ થાય છે ! કદાચ માનવતા આવા ખલનાયકોમાં જ રહી ગઈ હતી એવું લેખક દર્શાવી શક્યા છે. એટલે જ આ નવલકથાના હેતુને ઉજાગર કરતુ સાચું વાક્ય લેખક મૂકી શક્યા છે, “Freedom is for the educated people who fought for it. We were slaves of the English, now we will be slaves of the educated Indians—or the Pakistanis”